

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*ભરી રાખે ગુપ્ત રહસ્યો એવી ફાંદ ખપે છે,*
*ઉપાડે કેન્દ્રનો ય ભાર એવી કાંધ ખપે છે,*
*વાંધા વિના કર્યા કરે હસતાં હસતાં હા જી હા -*
*અંચઈ, અન્યાયે જીત્યા કરે એવી રાંધ ખપે છે.*
*(રાંધ = રમત, કચ્છી શબ્દ)*

હાઈકુ

*અચકાય ના,*
*રોબોટ સરકાર -*
*'યુ' ટર્ન પણ...*
*(રાતોરાત બદલતા નિર્ણયો)*

*તંત્ર બદલે -*
*થાય છે ઓરમાન,*
*પ્હેલા ખોળાના...*
*(સાગમટે બદલીઓ)*

### ચિંતન

*ન સ્વાદુ નૌષધમિદં ન ચ વા સુગંધી, નાક્ષિપ્રિયં કિમપિ શુષ્ક તમાકુ ચૂર્ણમ્ ।*
*કિં ચાક્ષિરોગજનકં ચ તદસ્ય ભોગે વીજં તૃણાં નહિ નહિ વ્યસને વિનાન્યમ્ ॥*

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય- 'વ્યસન નિંદા-તમાકુ'નો આ શ્લોક છે :

સૂકી તમાકુનું ચૂર્ણ - અર્થાત્ 'છીંકણી' એ જાતે જ એવી ચીજ છે કે તેમાં નથી કોઈ સ્વાદ, નથી કંઈ ઔષધ કે એમાં નથી કોઈ સુગંધ - વળી આંખથી પણ જોવી ગમે તેવી પણ નથી; ઉલ્ટું આંખના રોગોને પેદા કરે એવી એ 'તમાકુ' છે. આમ જુઓ તો 'તમાકુ' કોઈ પણ સ્વરુપે લેવામાં કોઈ જાતની ગુણકારી નથી. પરંતુ એમાં અનેક દોષ છે.

તેમ છતાં વ્યસની માણસ માત્ર વ્યસનની કુટેવ-લતને કારણે તેને સેવતો રહે છે. વ્યસન સિવાય બીજું કોઈ જ કારણ નથી. તમાકુના ખેતરને વાડ નથી હોતી - પશુઓ તો ઠીક ગધેડાં પણ તમાકુનો છોડ ખાતાં નથી.

એમને પણ એટલી અક્કલ ભગવાને આપી છે.

### સુવિચાર

- ધર્મ તો માર્ગ છે, માર્ગ જાણવાથી નહિ, ચાલવાથી જ પૂરો થાય છે - **રજનીસ**
- જે માણસ સ્વયં થવાની ક્ષમતા પ્રાપ્ત કરતો નથી અને કંઈક બીજા થવાની દોડમાં લાગી જાય છે એના જીવનમાં દુઃખ અને પીડા જ રહે છે - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- જેના બંધનમાં કોઈ નથી અને જે કોઈના બંધનમાં નથી તે જ વ્યક્તિ સ્વતંત્ર છે - **નવનિત**
- શક્તિનો હિસાબ સંખ્યા ના આધારે નહિં, શિસ્તના આધારે થાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- મન ને સમજાવી પટાવી પરમેશ્વર પાસે લઈ જવું એનું નામ તે 'યોગ' - **પાંડુરંગ શાસ્ત્રી**
- જીંદગી કોઈ કોયડો નથી જેને ઉકેલવાનો હોય,
  જીંદગી તો એક હકીકત છે જેને અનુભવાની હોય - **ગુણવંત શાહ**
- આજનું ઔષધ : હેડકીમાં હળદરનો પાઉડર પાણી સાથે લેવાથી તરત હેડકી બંધ થાય છે

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

ગીતાજીમાં જ્ઞાની-તટસ્થ-વિવેકી એને કહ્યો છે જે બધી જ પરિસ્થિતિમાં 'તટસ્થ'-શાંત-ધીરગંભીર રહી શકે છે : 'માનાપમાન તો સ્તુલ્ય સ્તુલ્યો મિત્રા રિપક્ષયોઃ' શત્રુ અને મિત્ર માટે સમાન ભાવ.

એક સંત રાજાના ગુરુપદે હતા. વાર્ષિક ઉત્સવ નિમિત્તે તેમને રાજાની સાથે હાથીની અંબાડી પર બેસાડવામાં આવતા હતા.

તેમની ઝૂંપડી જંગલમાં હતી. ખૂબ સાદી હતી. અને એકાંતમાં હતી. એક વખત ચોરો એ જ રાજાના ભંડારમાંથી ચોરી કરી નાઠા - પણ રાજાના સૈનિકો એ તેનો પીછો કર્યો. ચોરે ચોરેલો ધનભંડાર આ સંતના આશ્રમમાં નાખી ભાગી ગયા. સૈનિકો આ સંતને ચોર સમજી પકડી ગયા અને ગધેડાં પર બેસાડી ફેરવ્યા. રાજાનો પ્રધાન, સંતને ઓળખી ગયો છોડાવ્યા.

રાજાએ ગુરુના ચહેરા પર કોઈ પણ ભાવ જોયા નહીં તેથી પૂછ્યું તમને ખોટું નથી લાગ્યું?

સંત કહે - તમે આ શરીરને માન કે અપમાન આપો છો, પણ હું એ 'શરીર' નથી - આત્મા છું - આ જાણનાર 'મહાત્મા' કહેવાય છે.

# વારાણસીનો મૃત્યુકાંડ પ્રશાસન સામે પ્રશ્નાર્થ

એક તરફ વડાપ્રધાન નરેન્દ્ર મોદી 'બ્રિક્સ' રાષ્ટ્રોના વડાઓ સાથે ગોવામાં આતંકવાદનો ઉકેલ શોધવા મથામણ કરી રહ્યા છે ત્યારે એમના સંસદીય ક્ષેત્ર વારાણસીમાં રાજઘાટ પુલ પર નાસભાગ મચી જતાં ઓગણીસ વ્યક્તિઓએ જીવ ગુમાવ્યો છે અને એથી વધુ સંખ્યામાં લોકો ઘાયલ થઈને ચંદૌલી હોસ્પિટલમાં સારવાર લઈ ચૂક્યા છે. વારાણસીને વડાપ્રધાન 'ક્યોટો' બનાવવાનો સંકલ્પ કરી ચૂક્યા છે. એ દિશામાં જરૂરી એવા એમઓયુ પણ કરાયા છે અને જાપાનના વડાપ્રધાન શિન્ઝો એબેને વારાણસીની ગંગા-આરતીમાં સામેલ કરીને મોદીએ એમના સંકલ્પબળનો પરચો પણ આપ્યો છે. પરંતુ ભારતીય જનમાનસની માનસિકતા બદલવા માટે ફક્ત વડાપ્રધાનનું સંકલ્પબળ પૂરતું નથી. 'વોહી રફતાર બેઢંગી' મુજબ દર વર્ષે શ્રદ્ધાળુઓ જે રીતની ભીડ કરે છે, ધક્કામુક્કી કરે છે અને પછી સાંકડા રસ્તામાં એકબીજાને કચડતા દર્શન માટે આગળ વધી જાય છે - એ જ ઘટનાનું પુનરાવર્તન બાબા જય ગુરુદેવની જન્મજયંતી પ્રસંગે એમના આધ્યાત્મિક વારસદાર દ્વારા યોજાયેલ ધાર્મિક અનુષ્ઠાનમાં જોવા મળ્યું છે. થોડાં વરસ અગાઉ આવી જ દુર્ઘટના પ્રતાપગઢનાં પ્રસિદ્ધ જગદ્ગુરુના આશ્રમમાં બની હતી. કુંભમાં સરકાર મહિનાઓ અગાઉથી વ્યવસ્થા ગોઠવવાનાં ચક્રો ગતિમાન કરતી હોવા છતાં નાસભાગની દુર્ઘટના અનિવાર્યપણે બનતી રહે છે - પછી એ હરિદ્વાર હોય, નાસિક હોય કે પ્રયાગરાજ. આવી દુર્ઘટનાઓ રોકવા માટે જનમાનસમાં શિસ્તની કેળવણી જરુરી છે, જે ભારતીય પ્રજા સ્વીકારવા તૈયાર જ નથી. એને તો ઉતાવળે દર્શન કરી લેવાં છે, લહાવો લૂંટી લેવો છે, પછી એ ઉતાવળના પરિણામે પોતાની કે બીજા લોકોની જિંદગી ભલે ને જોખમમાં મુકાતી હોત! વરસોવરસ બનતી આવી કમનસીબ ઘટનાઓ પછી વડાપ્રધાન અને વિપક્ષી નેતાઓથી લઈ તમામ અગ્રણીઓ સહાનુભૂતિના શબ્દો ઉચ્ચારે છે. મરનારના પરિવારને માતબર વળતર જાહેર કરે છે, સ્થળની મુલાકાત લે છે, તપાસ નીમે છે, ફરજ પરના પોલીસ અધિકારીને થોડા સમય પૂરતો સસ્પેન્ડ કરે છે. બસ, ત્યાં મામલો પૂરો થઈ જાય

**તંત્રીસ્થાનેથી...**

છે. વારાણસી દુર્ઘટનામાં પણ આ ક્રમ અકબંધ જળવાશે. પરંતુ આ ઘટના કેમ બની, એના મૂળમાં જવાનો પ્રયાસ નહીં કરાય. ફક્ત ૩૦૦૦ માણસોની અવરજવરની છૂટ અપાઈ હતી ત્યાં એંશી હજાર જેટલા લોકોની ભીડ જામે ત્યારે દુર્ઘટના ન થાય તો બીજું શું થાય? સ્થાનિક પ્રશાસન પણ આ ભીડને અટકાવવા કે સંયમિત કરવામાં નિષ્ફળ રહ્યું - બધું 'રામ ભરોસે' ચાલતું રહ્યું અને છેવટે જે થવાકાળ હતું તે થઈને રહ્યું. ઉત્તરપ્રદેશના વરિષ્ઠ મંત્રી શિવપાલ યાદવની કૃપાદૃષ્ટિ હેઠળ જ જયારે આખો ધાર્મિક કાર્યક્રમ સંપન્ન થવાનો હોય ત્યારે સ્થાનિક પોલીસ કે પ્રશાસન પણ વચ્ચે 'ડહાપણ' ન જ કરે તે સમજી શકાય એમ છે. ઉત્તરપ્રદેશમાં હાલ ચાચા-ભત્રીજા વચ્ચે સત્તાની સાઠમારી ચાલી રહી છે, તે સુવિદિત છે. વડાપ્રધાન મોદીના મતવિસ્તારની આવી દર્દશા બદલ ફક્ત રાજય પ્રશાસન પર દોષનો ટોપલો ઢોળી દેવાથી અર્થ નહીં સરે. ફરી વાર આવી દુર્ઘટના ન બને એવો નક્કર માસ્ટરપ્લાન અમલી બનાવાય તે જરુરી છે.

# પત્નીની આત્મહત્યાની તથા જુદા રહેવાની ધમકી એ ક્રુરતા છે : સુપ્રિમ કોર્ટ

તાજેતરમાં સુપ્રિમ કોર્ટે ઐતિહાસીક ચુકાદો આપતા જણાવ્યું કે કાયદો એ મહિલાની સુરક્ષા, સલામતી માટે ઘડવામાં આવ્યો છે તેનો દુરઉપયોગ કરવા માટે નહિ. કાયદાની ઢાલ તરીકે ઉપયોગ કરી શકાય હથીયાર તરીકે વાપરી ન શકાય મહિલાઓ ઉપર થતા શારિરીક, માનસીક હુમલાથી રક્ષણ પુરૂ પાડવા માટે મહિલા તરફી કાયદાઓ બનાવવામાં આવ્યા છે પરંતુ ૯૦ ટકા કિસ્સામાં મહિલાઓ આ કાયદાનો દુરઉપયોગ કરી પતિ તથા સાસરીયાને ધાકમાં રાખી ધાર્યું કરવા માટે કરતા હોવાનું તારણ બહાર આવેલ છે. દહેજ પ્રતિબંધ ધારાની કલમ ૪૯૮(ક) મુજબ ૧૦ ટકાથી ઓછા કિસ્સામાં સજાના હુકમો થયેલા છે આવી જ પરિસ્થિતી મેન્ટલી એન્ડ સેકસુઅલી હેરેસમેન્ટ ઓફ વુમન ના કિસ્સામાં બને છે.

પતિ પત્નીના ઝઘડામાં હિન્દુ કુટુંબો તુટતા જાય છે, સંયુકત પરિવારની વ્યવસ્થા નષ્ટ થઈ રહી છે. માત્ર ફિલ્મમાં અને વાર્તામાં જ સંયુકત સુખી પરિવારની કલ્પના થઈ શકે છે લગ્ન બાદ સ્વતંત્રતા અને સ્વાયત્તા, મોજશોખ ભોગવવા કુટુંબની વ્યક્તિઓ અળખામણી લાગતા સંયુકત પરિવારમાંથી અલગ થવાના બનાવોની સંખ્યા વધતી જાય છે. માતા પિતાથી પુત્રને છુડો પાડવોએ એકજાતની ક્રુરતા જ આચરેલ ગણાય. કોઈ પુત્ર પોતાના વૃધ્ધ માતા પિતાને એકલા અસહાય હાલતમાં રાખવા સંમત હોઈ શકે નહિ. હિન્દુ સંસ્કાર અને સંસ્કૃતિથી વિપરીત વિદેશી સંસ્કૃતિના આગમથી સંયુકત પરિવારો વિભાજીત થતા ગયા છે. પુત્રની આવક ઉપર નિર્ભય માતા પિતાથી પુત્ર અલગ થાય તે કોઈ માતા પિતા કે પુત્ર ઈચ્છે નહિ પરંતુ પુત્રનું ઘર કરવાની આશામાં પોતાની લાગણીઓની કુરબાની આપી દિલ ઉપર પથ્થર રાખી માતા પિતા પુત્રને અલગ રહેવા મોકલે છે આ પત્નીએ પતિ તથા પરિવાર ઉપર આચરેલ ક્રુરતા જ ગણાય.

કેટલાક કિસ્સામાં પુત્ર મજબુત રીતે માતા પિતાના પડખે ઉભો રહે તો કાયદાને હથીયાર તરીકે ઉપયોગ કરી ખોટા કોર્ટ કેસોમાં, દહેજના કેસોમાં લાગતા વળગતા ના હોય તેવા દિયર, દેરાણી કે જેઠ, જેઠાણી, નણંદને સંડોવી નાક દબાવી મોં ખોલવામાં પત્નીને સફળતા મળે છે ના ઈલાજે, ના છુટકે નુકશાન સહન કરવાની બીકથી યેનકેન રીતે પતિ પત્નીની અલગ રહેવાની જીદને તાબે થતો જાય છે જેમાં સંયુકત પરિવારના સંસ્કાર, સંસ્કૃતિ નષ્ટ થતા જાય છે.

વારંવાર આત્મ હત્યા કરવાની ધમકી આપી ધાર્યું કરવાની કલા એ પણ અત્યાચાર ગણી સુપ્રિમ કોર્ટે ટ્રાયલ કોર્ટના તમામ ચુકાદાનો તથા પત્નીની આત્મ હત્યા કરવાના પ્રયાસને ક્રુરતા ગણી પતિ કયારેય એ પ્રકારનો વ્યવહાર સહન ના કરી શકે કે પત્ની આપઘાત કરે અને પોતાના માતા પિતા કે કુટુંબીજનો જેલમાં જાય જસ્ટીસ અનિલ આર. દવે અને જસ્ટીસ એલ. નાગેશ્વર રાવની બેન્ચે ઐતિહાસીક ચુકાદો આપતા ખોટા કેસો કરવાની કે આત્મ હત્યા કરી ધાર્યું કરવાની પત્નીની જીદ સામે પ્રશ્નાર્થ ચિન્હ મુકેલ છે.

પતિ સામે જુઠા આરોપ અને પત્નીના લગ્નેતર સબંધ તથા ધાર્યું કરવા આત્મ હત્યા કરી ચીઠ્ઠી લખી ફસાવી દેવાની ધાક ધમકી એ પત્નીની પતિ તથા તેના પરિવાર સાથે



કાયદો અને કાનૂન

અશ્વિન ત્રિવેદી

આચરેલ ક્રુરતા જ ગણાય માત્ર પતિ જ બધા કિસ્સામાં પત્ની ઉપર અત્યાચાર કરે ક્રુરતા આચર તો નથી જેમ સીક્કાની બે બાજુ હોય છે તેમ કેટલાક કિસ્સામાં પત્ની પણ અત્યાચાર આચરતી હોય છે.

એકસ્ટ્રા મેરેટીકલ અફેર્સ અને આત્મ હત્યા કરવાની ધમકી આપી ધાર્યું કરવું એ ક્રુરતા જ ગણાય છે.

પત્નીએ હાઈલી પ્રોફેસનલ કોર્સ કરેલ હોય ભણેલ ગણેલ હોય દા.ત. સ્ત્રીએ સીએસ, એડવોકેટ કે દાકતરી તેમજ અન્ય કૌશલ્ય બ્યુટીપાર્લર, હોમસાયન્સ કે યોગ અભ્યાસ કરેલ હોય તેમજ ટયુટર તરીકેનો વ્યવસાય કરી પોતાનું ભરણપોષણ કરી શકવા સક્ષમ હોય તો માત્ર પતિની આવક ઉપર નિર્ભર રહી ભરણપોષણ મેળવવા હકકદાર નથી તેવો તાજેતરમાં હિન્દુ મેરેજ એકટની કલમ ૨૪ અન્વયે ભરણપોષણની અરજ નકારી દિલ્હી હાઈકોર્ટે પણ ઐતિહાસીક ચુકાદો આપેલ છે. પત્ની પોતાનું ભરણ પોષણ કરવા સક્ષમ હોય અને કરી શકે તેમ હોય ભરણ પોષણ કરી શકવા જેટલું સામર્થ ધરાવતી હોય અને તેવી શૈક્ષણિક લાયકાત ધરાવતી હોય તો પુરૂષ સમોવડા હક્ક, અધિકાર ભોગવતા સમાજમાં સ્ત્રી પુરૂષનો આ બાબતે ભેદભાવ રાખી શકાય નહિ તથા આજની દુનિયામાં સ્ત્રીઓ પુરૂષની સરખામણીએ ખભેખભો મિલાવી કામકાજ કરી દરેક ક્ષેત્રમાં પુરૂષ સમોવડી હોવાનો ગર્વ લેતી હોય તેમજ ૫૦ ટકા

**અનુસંધાન પાના નં. ૭ પર**

# વિરહની એ કારમી વેદનાની પીડા ભોગવવા કરતાં ભૂલી જવું એ જ વધુ યોગ્ય વિકલ્પ છે

**બાળક હતો, ત્યારે બધાં કહેતા મને -**
**- કે કશું યાદ નથી રહેતું તને.**
**- બઉ ભૂલકણો.**
**- બધું ભૂલી જાય છે.**
**આવો ને આવો રહીશ - તો દુઃખી થઈશ.**
**મોટો થયો, ત્યારે બધાં મને કહે છે -**
**- કે શું બધું યાદ રાખવાનું -**
**- કશું ભૂલતો જ નથી.**
**- ભૂલી જવાનું બધું.**
**આવો ને આવો રહીશ તો - દુઃખી થઈશ.**
**- જિગર ગઢવી (૧૨/૧૦/૨૦૧૬)**

યાદ રાખવું, યાદશક્તિ વધારે હોવી અને મનમાં બધું સંઘરી રાખીને એને હંમેશા યાદ રાખવું એ ત્રણેય બાબતો આમ એકસમાન લાગે પણ પરિસ્થિતિને અનુરુપ તેના પ્રકાર અલગ હોઈ શકે. ફેસબુકના કે વોટ્સએપના અમુક મેસેજીસ આપણને એવા યાદ રહી જાય કે સીધા મનમાં ઉતરીને આપણા મસ્તિષ્કમાં તેની એક કાયમી છાપ પડી જાય અને અમુક મેસેજીસ વાંચીને એની બીજી જ ક્ષણે ભૂલી જવાય! નાના બાળકને મા-બાપ, શિક્ષકો અને આજુબાજુની દરેક પરિસ્થિતિમાંથી ઘણું-બધું શીખવા મળે છે. અમુક બાબતો તેના નાનકડાં મગજમાં કમ્પ્યુટરની જેમ ફીડ થઈ જાય છે અને અમુક બાબતો લાખ-પ્રયત્નો છતાં તેને યાદ રહેતી નથી. ત્યારબાદ વાત આવે મુગ્ધાવસ્થાની કે જેમાં યાદશક્તિનો અર્થ પ્રેમ, વિરહ અને ભીની ભીની સંવેદનાઓનો રૂપમાં હોય છે. અમુક ચોક્કસ સ્થળ, અમુક વાત, નજરનું ટકરાવું ને એવી કેટલીય નાની-નાની બાબતો પણ આ અવસ્થામાં એક વિશેષ યાદગાર સ્થાન આપણા મન-મસ્તિષ્કમાં જમાવી દેતી હોય છે. અલબત્ત, આ અવસ્થામાં પણ ભણવાની વાતો તો યાદ રાખવી મુશ્કેલ જ હોય છે. મુગ્ધાવસ્થા કે તરુણાવસ્થા બાદ જયારે વ્યક્તિ પરિપક્વ બને ત્યારે જે વાત એણે ભૂલી જવાની હોય છે તે જતું કરવાના અર્થમાં તેને કહેવામાં આવતી હોય છે. અને એ પછીની અવસ્થા એટલે કે ઘડપણમાં શારીરિક મર્યાદાઓને કારણે ભૂલી જવાની વાત! આમ, આ યાદ રાખવું કે ભૂલી જવું એ બાબત આપણા જીવનમાં કેટકેટલી અનોખી રીતે સંકળાયેલી છે અને દરેક તબક્કે તેનું સ્વરુપ કેવું જુદું જુદું છે એ એક વિચારવાયોગ્ય બાબત છે. વિજય રાજયગુરુ લખે છે કે,

**'ગત સમયમાં પગ ઝબોળી દુર્ગ ઊભો છે હજી,**
**સાંભરણનાં જળ ડખોળી દુર્ગ ઊભો છે હજી.**
**ભીંતરમાં પીપળ ઉગાડી, કાંગરા ખેરી ખડો,**
**આંખમાં ઈતિહાસ ધોળો દુર્ગ ઊભો છે હજી.**
**હાકડા, પડકાર, હલ્લા, હણહણાટી સાંભળે,**
**યાદની તલવાર તોળી દુર્ગ ઊભો છે હજી.'**

યાદોની આ સફરમાં સ્ત્રી અને પુરુષો વચ્ચે પણ તફાવત જોવા મળે છે. પુરુષોને નાની-નાની બાબતો, યાદ રહેતી નથી અને સ્ત્રી માટે આ નાની-નાની બાબતો જ તેના જીવનની સૌથી મોંઘી મહામૂલી પૂંજી હોય છે. જો કે, તેમાં પણ સંવેદનશીલ પુરુષોને આ પ્રકારની બાબતો યાદ હોય તેવું બની શકે છે. આપણી સૌથી વધુ નજીક હોય તેવી વ્યક્તિ પાસેથી આપણી અપેક્ષાઓ હંમેશા સૌથી વધુ હોય છે. પારકી વ્યક્તિને ઘણી મોટી ભૂલ માટે પણ સહેલાઈથી માફ કરી દેનારા આપણે મનગમતી વ્યક્તિની નાનામાં નાની ભૂલને લઈને કયારેક દિવસો, કયારેક મહિનાઓ તો કયારેક આખી જિંદગી મનમાં સંઘરીને બેસી રહીએ છીએ. જે સંબંધ આપણા માટે દુનિયામાં સૌથી વધુ મહત્ત્વનો હોય તેનાથી જ સૌથી વધુ અપેક્ષા હોવાને કારણે કયારેક આખેઆખા સંબંધની આહુતિ અપાઈ જતી હોય છે. આપણે સૌએ આ વાત જીવનમાં



WhatsApp ઓફ ધી વીક

નેહલ ગઢવી

કયારેક તો અનુભવી જ હશે. અને આપણે એ પણ જાણીએ છીએ કે આવું વર્તન કરવામાં આપણે પોતે અને જેની સૌથી વધુ નજીક છીએ એ બંને જ સૌથી વધુ પીડા ભોગવવાના હોવા છતાં આપણી જાતને રોકી શકતા નથી.

વિરહની એ કારમી વેદનાની પીડા ભોગવવા કરતાં ભૂલી જવું કે જતું કરવું એ જ વધુ યોગ્ય વિકલ્પ છે. નહિ તો, વિરહની એ ક્ષણને વિદાય બનતા વાર નથી લાગતી. પ્રહ્લાદ પારેખ લખે છે,

**'કદી નહિ કહું,' મને જ સ્મરણે સદા રાખજે,'**
**અને નયનપંથનું અવર વિશ્વ તું ત્યાગજે;**
**પરંતુ ગગનાંગણે, અવનિમાં અને સિંધુમાં,**
**મળે અધિક જે તને મુજ થકી, ઉરે થાપજે.**
**પરસ્પર કરી કથા રજનિ ને દિના ગાળિયા,**
**અનેક જગતો રચી સ્વપ્નમાં, વળી ભાંગિયાં;**
**કઠોર થઈને કદીક તુજ આંસુ જોયા કર્યા,**
**કદીક તુજ ગોદ શીશ ધરી હીબકાં મેં ભર્યાં,**
**મળે અધિક ઉજળા દિન અને મીઠી રાતડી,**
**જજે સકલ તો ભૂલી રજનિ ને દિનો આપણાં;**
**રચે સ્વપ્ન ભવ્ય કો જગતનું બીજા સાથમાં,**
**ભલે વીસરજે પછી જગત આપણે જે ઘડ્યા.**
**છતાંય સ્મરણે ચડી વિપળ એક જો હું લઉં,**
**ઉદાર તવ ઉરની પ્રથમની ક્ષમા તો ચહું.'**

યાદ રાખવાની, ભૂલી જવાની અને યાદ રાખવા છતાં ભૂલી જવાની તથા ભૂલી ગયા પછી પણ યાદ રાખવાની આ આખીયે પ્રક્રિયા જીવનમાં નિરંતર ચાલ્યા જ કરે છે. જીવનરુપી આ અંતરપટમાં અવિરતપણે ખૂબ કાળજીપૂર્વક જે યાદ છે તેની સાથોસાથ ખૂબ સંભાળપૂર્વક જે ભૂલી જવાનું છે તે પણ જો સમજાઈ જાય તો જીવન હંમેશા સારી-સુંદર બાબતોથી જ મહેંકતું અને મઘમઘતું રહે!

- nehalgadhavi101@gmail.com

# ગુજરાતની રાજકીય જમીન નાણતા કેજરીવાલ

ગુજરાતમાં આગામી વિધાનસભા ચૂંટણી ડિસેમ્બર ૨૦૧૭ કે તે પૂર્વે આવે તો પણ ચૂંટણી પછીનું ચિત્ર કેવું ઉપસશે, એની ચર્ચા અત્યારથી રાજકીય પક્ષો અને આમજનતામાં થવા માંડી છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહના નાકનો પ્રશ્ન છે ગુજરાત વિધાનસભાની આગામી ચૂંટણી. સત્તારૂઢ ભાજપ અને સત્તાકાંક્ષી કૉંગ્રેસના વિકલ્પ તરીકે આમ આદમી પાર્ટી ગુજરાતમાં ઉપસવાની કોશિશ કરી રહી છે, પરંતુ આ પક્ષ-ત્રિવેણી એક જ ગોત્રમાંથી જ પ્રગટતી હોય એવું લાગે છે. અણ્ણા હજારેના રામલીલા આંદોલનમાં ભારત માતાની જે છબિ મૂકાઈ હતી એ સ્વયં બોલકી હતી. અણ્ણાના લોકપાલ આંદોલનમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વરિષ્ઠ પ્રચારક રહેલા કે. એન. ગોવિંદાચાર્ય જ નહીં, જૂના અને નવા કે ભવિષ્યના ભાજપના ચહેરાઓ દશ્યમાન હતા. કૉંગ્રેસની અપ્રતિષ્ઠા કરી ભાજપના નરેન્દ્ર દામોદરદાસ મોદીને વડા પ્રધાનપદ સુધી પહોંચાડવાની કવાયતના બ્રાન્ડ-એમ્બેસેડર બાબા રામદેવ જેવા મહાનુભાવો પણ હતા. અરવિંદ કેજરીવાલની 'આપ' પાર્ટીની સેના એ આંદોલનમાંથી પ્રગટી તો અરવિંદ વિરુદ્ધ મુખ્યપ્રધાનપદની ભાજપી ઉમેદવાર એવાં દેશનાં પ્રથમ મહિલા આઈપીએસ અધિકારી કિરણ બેદી પણ અણ્ણા-આંદોલન થકી જ ઉપસ્યાં હતાં. ગોવિંદાચાર્ય ભલે ક્યાંક ખોવાયેલા લાગ્યા હોય, પરંતુ એમની રાજકીય દીક્ષા લેનારાં સાધ્વી ઉમા ભારતી કેન્દ્રમાં પ્રધાનપદું જરૂર પામ્યાં. અણ્ણા-આંદોલનની કૌરવ-પાંડવ સેનાએ કૉંગ્રેસને ઘરભેગી કરીને એકમેક સામેના વેરની વસૂલાત કરી લેવાની કવાયત અખંડ રાખી છે. ગુજરાતમાં પણ ત્રિપાંખિયો જંગ ખેલાય તો ય સંઘર્ષ તો મામકા અને પાંડવાનો જ છે. ભાજપ અને કૉંગ્રેસ બેઉમાંથી કોઈપણ જીતે, નાગપુરના સંઘકાર્યાલયે તો હરખ જ કરવાનો છે. એવું જ કાંઈક વિજય લગી નહી પહોંચનારી મનાતી ગુજરાતની કેજરીવાલ - સેનાનું પણ લેખાવી શકાય.

અત્યાર લગી 'આપ' પાર્ટીનું ગુજરાતનું માળખું રચાયું નથી, જે રચાયું છે તે ભગવી પાર્ટી ભાજપના ટેકે અને હજુ કોણ જોડાશે એનાં મૂકાનારાં ગણિતમાં પણ ભાજપ-સંઘથી નારાજ થયેલાઓના શંભુમેળાઓનો જ સમાવેશ છે. દિલ્હીના મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલ સુરતમાં અગાઉ ના થઈ શકેલી સભા કરીને ગુજરાતની જમીનને નાણી જોવા માંગતા હતા. એમની સેના ખરેખર કોને વફાદાર છે એ અજમાવી જોવા માંગે છે. ગુજરાતના સંનિષ્ઠ અગ્રણીની છબિ ધરાવનારા મહુવાના ત્રણ-ત્રણ મુદત માટે ભાજપી ધારાસભ્ય રહેલા ડૉ. કનુભાઈ કલસરિયા ગુજરાતની 'આપ' પાર્ટીના સંયોજક તરીકે અત્યારે કાર્યરત છે. કાલે ના પણ હોય, કારણ છેલ્લા દસ મહિનામાં 'આપ' પાર્ટીના ગુજરાતના પ્રભારી અને દિલ્હીના ધારાસભ્ય રહેલા ગુલાબ સિંહે ચાર-ચાર વખત વિવિધ હોદ્દેદારોને બાજીનાં પત્તાંની જેમ નિયુક્તિ-વિદાયની જેમ ચીપ્યા છે. એમ તો ગુજરાત ભાજપના સંસ્થાપક સંયોજક અને 'ગણતર' સંસ્થાના પ્રતિષ્ઠિત સૂત્રધાર સુખદેવ પટેલને જાન્યુઆરી ૨૦૧૫માં કનુભાઈમાં રાજ્ય એકમના પ્રમુખનું ટિમ્બર વર્તાયું હતું અને ડિસેમ્બર ૨૦૧૫માં તો સુખદેવનું ત્રણ વર્ષ માટે અકારણ નિલંબન થઈ ચૂક્યું હતું.

કનુભાઈ કેજરીવાલની સુરત-વરાછાની જાહેરસભાની પૂર્વતૈયારી માટે જઈ રહ્યા હતા ત્યારે વિગતે વાત થઈ. એમણે પોતાની પાર્ટીનું ગુજરાતનું માળખું ૪૦ ટકા ગોઠવાયાનું કહ્યું અને હજુ ૬૦ ટકા ગોઠવવાનું બાકી હોવાનું કહ્યું. યુદ્ધના મેદાનમાં કેજરીવાલના રણટંકારની સામે ડૉ. કલસરિયા આહિર હોવા છતાં થોડા ઋજુ ઋજુ લાગતા હોય એમ ઢીલું બોલે છે ત્યારે રાજ્યમાં 'આપ' કેવા કાંદા કાઢશે એ સમજવાનું આગોતરું દર્શન જરૂર થાય છે. ગુલાબસિંહ વિરુદ્ધ દિલ્હીના પોલીસ કમિશનર કોઈ બે વ્યક્તિના ઝઘડામાં સમન્સ-વોરંટ પાઠવીને પરેશાન કરી રહ્યાની વાતથી લઈને સુરતમાં કેજરીવાલની જાહેરસભા માટે વડી અદાલતે જઈને મંજૂરી મેળવવી પડે ત્યાં લગીની વાત એ કરે છે. 'આપ' પાર્ટીમાં વિશ્વાસનો અભાવ વર્તાય છે. કાં તો ગુલાબસિંહની આસપાસ ભાજપી સુપ્રીમો અમિત શાહનું ટેકેદાર જૂથ ગોઠવાઈ ગયાની પણ ચર્ચા કનુભાઈ કે કિશોર દેસાઈના પગ બાંધવા માટે જવાબદાર લાગે છે. વડોદરાના ભાજપી મેયર રહી ચૂકેલા રબારી આગેવાન રતિલાલ દેસાઈને વિહિંપ-ભાજપ-સંઘ થકી મોહભંગ થતાં 'આપ'માં આવ્યા છે, એટલે ગુજરાતમાં એકંદરે 'આપ' પણ ભાજપથી જ ફાટફાટ થવાનાં એંધાણ છે. પંજાબની વિધાનસભાની ચૂંટણીના પરિણામ અને સુરતની કેજરીવાલ સભા પછી 'આપ' પાર્ટીએ ગુજરાતમાં ૧૮૨ બેઠકો લડવી કે માંડી વાળવું એ નક્કી કરાશે. ડૉ. કલસરિયા પ્રામાણિક અગ્રણી છે એટલે ડિંગ મારતા નથી. ભાજપના ધારાસભ્ય રહેલા યતીન ઓઝા કૉંગ્રેસમાં આંટો મારીને મોદી-અમિત શાહના ભાજપમાં પાછા ફર્યા હતા. અમિત શાહના ધારાશાસ્ત્રી પણ હતા. હવે એ 'આપ'માર્ગી થયા છે. 'આપ'માં એમને ગોઠશે કે પાછા ઘરવાપસી કરશે એ હજુ અનિશ્ચિત છે.



અતિતની આજ

ડૉ. હરિ દેસાઈ

હમણાં પાટીદાર અનામત આંદોલનમાં ગાજવીજ કરનારા ધારીના ભાજપી ધારાસભ્ય નલિન કોટડિયા 'આપ'માં જોડાવાની ચર્ચા હતી. 'આપ'ના સુપ્રીમો અરવિંદ કેજરીવાલને રાજકોટમાં મળ્યા ય ખરા. અરવિંદે એમને પક્ષમાં જોડાવા માટે કહ્યું છતાં એમણે હજુ નિર્ણય કર્યો નથી. ઉલ્ટાનું ગુજરાત 'આપ' પાર્ટીના અગ્રણીઓ કનેથી મળતા સંકેતો મુજબ, કોટડિયા તો કૉંગ્રેસગમન કરવાના હોય એવું લાગે છે. એમણે બધા વિકલ્પો ખુલ્લા રાખ્યા છે. આમ પણ એમને પક્ષોમાં પલટીઓ મારવાનો અનુભવ છે. અગાઉ કેશુભાઈ પટેલ અને ગોરધન ઝડફિયાની ગુજરાત પરિવર્તન પાર્ટી(જીપીપી)માંથી ૨૦૧૨ની ચૂંટણીમાં કેશુભાઈ વિસાવદરથી અને કોટડિયા ધારીથી ચૂંટાયા. બેઉ પાછા ભાજપમાં જીપીપીના વિલયથી સ્વગૃહે પાછા ફર્યા. કેશુભાઈને રાજીનામું અપાવવાના એમના રાજકીય વારસ થવા ઉત્સુક પુત્ર ભરત દેસાઈ (કેશુભાઈની મૂળ અટક દેસાઈ છે)ના આગ્રહને વશ થયા પછી વિસાવદરની બેઠક ભાજપની ટિકીટ પર લડ્યા પછી ભરતભાઈને પરાજિત કરવામાં પક્ષની આંતરિક બાજી જ કામ કરી ગઈ.

કોટડિયા કૉંગ્રેસમાં જોડાય તો સંઘ-ભાજપના જૂના જોગી શંકરસિંહ વાઘેલા સાથે એમને સારું ગોઠે. છેલ્લી ઘડીએ અમિત શાહની જાદૂઈ લાકડી કદાચ એમને ભાજપમાંય લઈ જાય કારણ આનંદીબહેન પટેલ મુખ્યપ્રધાન હતાં ત્યારે જમીન સોદામાં એમની સંડોવણીને ઊજાગર કરીને ગાદીએથી દૂર કરાવવામાં કાંઈક અંશે આ કોટડિયા જ નિમિત્ત હતા. વાત માત્ર નલિન કોટડિયાના નવા પક્ષની નથી, સ્વયં ગુજરાત 'આપ' પાર્ટીના સંયોજક ડૉ. કનુભાઈ કલસરિયા પણ એક તબક્કે કૉંગ્રેસમાં જવાનું પાકું કરી ચૂક્યા હતા ત્યારે સુખદેવે તેમને 'આપ' ભણી વાળ્યા હોવાનું સ્વયં 'આપ'ના સંસ્થાપક સંયોજક જ કહે છે.

ગુજરાતમાં પાટીદાર આંદોલન થકી હાર્દિક પટેલ, ઓબીસી આંદોલન થકી અલ્પેશ ઠાકોર અને દલિત આંદોલન થકી જિજ્ઞેશ મેવાણી

**અનુસંધાન પાના નં. ૭ પર**